વર્ષ ૪૨, મે-૨૦૧૧, અંક-૫, આજીવન લવાજમ રૂ. ૨૦૦/-

સંસ્કાર દીપ

પ.પૂ.ગુરુવર્ય શાસ્ત્રીજી
મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી
તથા
વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય
સદ્‌ગુરુ પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી

: આશીર્વાદ :
અખંડ ભગવદ્ પરાયણ પ.પૂ. શ્રી જોગીસ્વામી
: અધ્યક્ષ :
પ.પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી
: પ્રેરણા :
પ.પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
મુદ્રક : સુર્યા ઓફસેટ, આંબલી, અમદાવાદ-૫૮

: તંત્રી :
શ્રી લક્ષ્મણભાઇ આદ્રોજા
: સંપાદક :
શાસ્ત્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
: કલા સંયોજન :
ગોવિંદ જી. બાંટવા

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
વિદ્યાર્થી સંઘ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
મેમનગર, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
સંપર્ક : (૦૭૯) ૨૭૯૧૨૫૯૧
૯૮૨૫૨૧૦૦૩૮, ૯૮૨૫૩૧૫૦૩૦
www.swaminarayangurukul.org
E-mail :sgvpgurukul@gmail.com

અખંડ ભગવદ્ પરાયણ પૂ. જોગી સ્વામી શ્રી હરિપ્રકાશ-દાસજી સ્વામીના

ચરણોમાં ૧૦૭ મા વર્ષે કોટિ કોટિ વંદન...

આ તો જોગી છે, જોગી...

સ્વામી સાધુ થયા. સ્વામી સ્વભાવે બાળાભોળા જેવા લાગે. શિક્ષાપત્રીમાં શ્રીહરિએ કહ્યું છે, 'અમારા સાધુએ જડભરતની જેમ રહેવું'. સ્વામીનું અંગ પણ જોગી જડભરત જેવું. દેહાસક્તિનું નામ જ નહીં. ન ભોજનની ચિંતા, ન આસનની. ન સારા વસ્ત્રની કે ન પદાર્થની. શ્રીહરિની ઇચ્છાથી જે મળે તેનાથી નિર્વાહ કરવો. સારા પદાર્થ સામેથી મળે તો પણ તેનો ત્યાગ કરવો. ગોંડલ મંદિરમાં કોઇ હરિભક્તે રસોઇ આપી હોય ત્યારે અનેક પ્રકારની વાનગી બને. બધા સાધુ જમવા જાય પણ જોગી સ્વામી તે દિવસે જમવા ન જાય.

સાધુ સંતો જમીને પરવારે એટલે સ્વામી ભંડારે જાય, પોતાને હાથે બાજરાનો રોટલો બનાવે અને લુખો સુખો રોટલો જમી લે. કોઇ કહે, 'સ્વામી આજે તો રસોઇ હતી. બધા જમવા આવ્યા, તમે કેમ ન આવ્યા? સ્વામી કહે, 'એ બધા તો પુર્વે સાધના કરીને આવ્યા હશે માટે તેમને પોસાય. મારે તો હજુ ઘણું કરવાનું બાકી છે માટે ન પોસાય'. ભજન અને તપ સ્વામીના જીવનમાં તાણાવાણાની જેમ વણાઇ ગયેલાં. આવા પરમ વિતરાગી અને તપસ્વી સંતની દેહાતીત અવસ્થા જોઇને મહંત સ્વામી કહેતા, 'આ તો જોગી છે જોગી.'

દીક્ષાનું નામ 'હરિપ્રકાશદાસજી' પણ ગુરુએ હેતથી 'જોગી' નામ પાડ્યું. ત્યારથી બધા સ્વામીને જોગી તરીકે જ ઓળખે છે. સ્વામીનો તપસ્વી સ્વભાવ તો આપણા મસ્તક ઝુકી જાય તેવો. દિવસમાં માત્ર એક સમય ભોજનનું વ્રત એમણે આજીવન રાખ્યું. એમાં પણ એકાદશી તો નિર્જળા જ કરવાની. એમાંય વામન જયંતી આવે ત્યારે તો સામટા બે ઉપવાસ, હરિજયંતી પુનમ અને અમાસના નિર્જળા ઉપવાસ. મહિના મહિનાના ધારણાપારણાંના વ્રત તો અવાર-નવાર ચાલુ જ હોય.

ધારણા પારણા એટલે એક ઉપવાસ. એક દિવસ એક સમય ભોજન. એક વર્ષ તો સ્વામીએ આખું વરસ ધારણાપારણાં કરેલાં. વર્ષો સુધી તો પોતે માત્ર ખીચડી અને રોટલો જ જમતા. શાસ્ત્રીજી મહારાજે પહેલી સ્પેશ્યલ યાત્રા ટ્રેઇન કાઢેલી. તેમાં સ્વામી પણ સાથે હતા. બે મહિનાની યાત્રા દરમિયાન સ્વામી માત્ર ગોળ અને માંડવીના દાણા જ જમ્યા હતા. જમવામાં કોઇ તાલ નહીં, મરી-મસાલા નહીં. ખાંડ સાકર તો લેવાના જ નહીં. અથાણા અને પાપડને તો અડ્યા જ નથી. સ્વામીનું ભોજન એટલે એકદમ રસકસ વગરનું સીધુંસાદું ભોજન. ભોંય પથારીએ સુવાનું. સુવા માટે ગાદલા કે ગોદડાની પથારી પાથરવાની નહીં. માત્ર એક સાદી ચાદર પાથરી તે ઉપર સુઇ રહે. મચ્છરદાની બાંધવાની નહીં. કોઇ કહે, 'સ્વામી! આસન પાથરીને સુવો તો સારુ!

સ્વામી કહે, 'આ દેહને લાડ લડાવવા સારા નહીં. આને તો જેટલું કસીએ એટલું જ સારું. આસન પાથરવું અને સંકેલવું એમાં સમય બગાડવો એના કરતાં સમયનો ઉપયોગ ભજન માટે ન કરીએ!' શિક્ષાપત્રીમાં શ્રીહરિએ બપોરે સુવાની ના પાડી છે પણ મોટા ભાગે સાધુઓને સેવામાર્ગની પ્રવૃત્તિ હોવાથી બપોરે સુવાની ટેવ તો ખરી જ.

ધર્મામૃતમાં શ્રીજી મહારાજે સેવામાર્ગીઓને બપોરે સુવાની છુટ પણ આપી છે અને એ છુટનો ઉપયોગ પણ ભરપુર છુટથી થાય છે પરંતુ જોગી સ્વામીની વાત જુદી છે. સ્વામી ક્યારેય બપોરે સુતા નથી. બપોર વચ્ચે બધા વિરામ કરે, સ્વામી હાથમાં માળા લઇ સાધુ આશ્રમમાં આ છેડેથી બીજા છેડે ફરે અને માળા કરે. રાત્રિના સમયે સાધુ આશ્રમની પાછલી ઓસરીમાં મોડે સુધી ટહેલતા ટહેલતા માળા કરે. મોડી રાત્રે થોડું સુવે, પાછા જાગીને ભજનમાં બેસી જાય. ક્યારેક તો માળા કરતાં કરતાં જ સવાર થઇ જાય. સવારે સીધા સ્નાન કરવા જાય અને પાછા પુજામાં બેસી જાય.

સ્વામીની પુજા વહેલી શરૂ થાય અને બપોરે ઠાકોરજીના થાળ આવે ત્યાં સુધી પુજા ચાલે. એમાં પણ એકાદશી, હરિજયંતી અને પુનમ જેવા દિવસોએ તો સ્વામી આખો દિવસ એક આસને બેસી માળા કરે, સાથે નિર્જળા ઉપવાસ તો હોય જ.

સ્વામીની પુજામાં જે ઠાકોરજીની મુર્તિ છે તે પહેલાં ટીંબી મંદિરમાં હતી. આ મુર્તિની સેવા વર્ષો પહેલાં ગોરધનભાઇ પરસોત્તમ મહેતા કરતા. ગોરધનભાઈ ધામમાં ગયા બાદ ભક્તોએ તે મુર્તિ મંદિરમાં પધરાવી. મંદિરના પુજારી એ મુર્તિની સેવાપુજા કરતા.

એવામાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ફાટસર ગામે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો તેમાં મુર્તિ પ્રતિષ્ઠાનો મહોત્સવ ઉજવાયો. સ્વામી પણ આ પ્રસંગે ફાટસર પધારેલા. ફાટસરનો પ્રસંગ પુર્ણ કરી સ્વામી ટીંબી પધાર્યા. ટીંબીમાં સ્વામીએ જોયું કે પુજારી હરિકૃષ્ણમહારાજની સેવા કરે છે પણ સેવા સરખી થતી નથી એટલે સ્વામીએ હરિભક્તોને વાત કરી કે 'તમે બધા રાજી હો તો આ ઠાકોરજી અમે સાથે લઇ જઇએ અને અમે સેવા કરીશું.' હરિભક્તોએ રાજી થઇને હા પાડી એટલે સ્વામી ઠાકોરજીને સાથે લઇ રાજકોટ પધાર્યા. ત્યારથી માંડીને આજ દિવસ સુધી સ્વામીએ ઠાકોરજીની સેવા આત્મનિવેદી ભાવથી અહર્નિશ કરી છે. સ્વામીએ સત્સંગ માટે ગામડાંઓમાં ખુબ જ વિચરણ કર્યાં છે. સ્વામી ક્યારેય બસમાં કે ટ્રેનમાં બેસે જ નહીં, મોટે ભાગે ચાલીને વિચરણ કરે. ક્યારેક કોઇનું ગાડું હોય કે ટ્રેક્ટર હોય તો તેમાં બેસે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની પેઠે સ્વામીએ શરીરને એવું કેળવેલું કે રસ્તામાં ચાલતાં ચાલતાં પગમાં કાંટો વાગે તો કાંટો ભાંગી જાય પણ પગને કાંઇ ન થાય. સ્વામીએ પગે ચાલીને વડતાલ વગેરે યાત્રાધામોની યાત્રાઓ કરી છે. સ્વામી વિચરણ કરતા કરતા જ્યાં જ્યાં પધારે ત્યાં ભજનનો પ્રવાહ ભરપુર વહે. સ્વામીએ અનેક ગામોમાં બાર કલાક, ચોવીસ કલાકની ધુનો કરાવી છે. આ અખંડ ધુનમાં બીજા બધા તો વારા ફરતી ફરતા રહે, પણ સ્વામી ખાધા પીધા વિના અખંડ ધુનમાં જ બેસી રહે અને ધુન કરે. સ્વામીએ અનેક ગામડાંઓમાં નવાં મંદિરો કરાવ્યાં છે અને જુના મંદિરોના જિર્ણોદ્ધાર કરાવ્યા છે. શ્રીહરિ કહે છે,

'એવા સંત છે સગા સહુનાં રે, સુખદાયક જન બહુનાં રે,
જેવી એ સંત કરે છે સા'યરે, તેવી કોઇ થકી કેમ થાય રે.'

સમાચાર દર્શન

રામનવમી – શ્રીહરિ પ્રાગટ્યોત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાગટ્યોત્સવ તા. ૧૨ એપ્રિલ, ૨૦૧૧ના રોજ ધામધૂમથી ઉજવાયો. આજનો આખો દિવસ જાણે ભક્તિનું પૂર આવ્યું હોય તેમ ભક્તિસભર વીત્યો. વહેલી સવારથી જ અનેક ભક્તજનોએ પધારી શ્રી નીલકંઠ વર્ણીનો દૂધથી અભિષેક કર્યો. આજના પવિત્ર દિવસે શ્રી ઘનશ્યામમહારાજનું રાજોપચાર પૂજન થયું જેમાં વેદગાન, પુરાણગાન, શાસ્ત્રસેવા, સંગીતવાદન અને નૃત્યો દ્વારા ભગવાનની પૂજા થઇ. રાજોપચાર પૂજનની આરતી ઉતારવા પ. પૂ. અખંડ ભગવદ્ પરાયણ જોગીસ્વામી પધારતાં સૌ ભક્તજનો ધન્યભાગી બન્યા. પૂજન બાદ શ્રી ઘનશ્યામમહારાજને ફલકૂટ ધરાવવામાં આવ્યા તથા ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાગટ્યોત્સવ ઉજવાયો. રાત્રે શ્રી ઘનશ્યામમહારાજનો પ્રાગટ્યોત્સવ ઉજવવા સૌ ભક્તો એકઠા થયા. ગુરુકુલના ગવૈયા મંડળે શ્રીહરિ પ્રાગટ્યોત્સવનાં કીર્તનોનું ગાન કર્યું. વિદ્યાર્થીઓનું નૃત્ય, ભક્તજનોનો જયનાદ અને વિવિધ વાદ્યોના અવાજો દ્વારા શ્રીહરિ પ્રાગટ્યની આરતી થઇ. પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અને પ. પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના આશીર્વાદ તેમજ પ્રસાદ લઇ સૌ ભક્તજનો છૂટા પડ્યા. આ પ્રસંગે ભાજપના વરિષ્ઠ નેતા પુરુષોત્તમભાઈ રૂપાલા પ્રાગટ્યોત્સવના દર્શન કરવા ઉપસ્થિત રહ્યા હતા તથા નાનુભાઇ ભરાડના પુસ્તક 'કવિતાની ક્યારી'નું વિમોચન કર્યું હતું.•••

'ઇઝરાયેલ ધર્મયાત્રા' ગ્રંથનું વિમોચન

પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી દ્વારા લિખિત 'ઇઝરાયેલ ધર્મયાત્રા' નામના ગ્રંથનું વિમોચન ઇમેજ પબ્લીકેશન દ્વારા મુંબઇ ખાતે ભારતીય વિદ્યાભવન ખાતે થયું. આ ગ્રંથનું વિમોચન ચાણક્ય સિરીયલના નિર્માતા તેમજ ચાણક્યનો ઐતિહાસિક રોલ અદા કરનાર ડો. ચંદ્રપ્રકાશ દ્વિવેદીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી સુરેશભાઇ દલાલ, શ્રી નવીનભાઇ દવે, શ્રી ઉત્પલ ભાયાણી, શ્રી ગોપાલ દવે વગેરે મહાનુભાવો તેમજ શ્રી પુરુષોત્તમઉપાધ્યાય, શ્રી પાર્થિવ ગોહીલ, શ્રી આલાપ દેસાઇ, શ્રી અંકિત ત્રિવેદી જેવા સુપ્રસિદ્ધ કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી સુરેશભાઈ દલાલે પુસ્તક અને લેખકની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે પૂ. માધવપ્રિયદાસજી સ્વામીને વ્યક્તિગત રીતે હું ઘણા વર્ષોથી ઓળખું છું. એમનાં પ્રવચનો સાંભળ્યાં છે. એમની વાણીનો વહેતો પ્રવાહ અનુભવ્યો છે. એ વાણીમાં વહે છે ખરા, પણ તણાઇ જતા નથી. એમની આ લાક્ષણિકતા એમના કાવ્ય લેખનમાં પણ પ્રગટ થાય છે. સાહિત્યના એ વ્યાપક અર્થમાં ચાહક છે. કાકા કાલેલકરના વાક્યો ટાંકતાં સુરેશભાઈએ જણાવ્યું કે માણસ પગે ચાલે તેને પ્રવાસ કહેવાય. હૃદયથી ચાલે તે યાત્રા કહેવાય. સમૂહમાં ચાલે તો સમાજ કહેવાય. સ્વામી માધવપ્રિયદાસજીએ હૃદયથી ચાલીને ઇઝરાયેલની યાત્રા કરી છે. ખરેખર સ્વામીજી પૂર્વગ્રહથી મુક્ત છે.•••

આ પ્રસંગે ચાણક્ય સિરીયલના નિર્માતા અને ચાણક્યનો ઐતિહાસિક રોલ અદા કરનાર ચંદ્રપ્રકાશભાઈ દ્વિવેદીએ જણાવ્યું હતું કે આ પુસ્તક આટલું સુંદર હશે એવી ધારણા નહોતી. મારા પિતાશ્રી સ્વામિનારાયણ ભગવાનના સંતોને સંસ્કૃત ભણાવતા અને એટલે જ મુખપૃષ્ઠ ઉપર સ્વામિનારાયણના સંતનો ફોટા જોતા જ સુરેશભાઇના આમંત્રણથી અહીંયાં આવવાનું મન થયું. સામાન્ય રીતે આવા સમારંભોમાં શ્રોતાઓની હાજરી નહિવત્ હોય છે. જ્યારે અહીં તો પુરો હોલ ખીચોખીચ ભર્યો છે. તે જોઇને તો અત્યંત આનંદ થાય છે. આપણે આપણા સમાજમાં રહેલી સ્વામી માધવપ્રિયદાસજી જેવી પ્રતિભાને પહેચાનવી જોઇએ. આપણે જેને પાછળ રાખવા જોઇએ એને આગળ રાખીએ છીએ અને આપણી મહાન હસ્તીઓને પાછળ રાખીએ છીએ.

આ પ્રસંગે પોતાનો પ્રતિભાવ આપતા પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે ઇમેજ પબ્લિકેશન અને ખાસ કરીને સુરેશભાઈ દલાલનો હૃદયથી હું આભાર માનું છું. મને લેખનમાં અહીં સુધી પહોંચાડનાર હોય તો તે સુરેશભાઇ દલાલ છે. કુદરતી રીતે અમારા જીવ સ્નેહના બંધનોથી જકડાયેલા છે. સ્વામીએ ઇઝરાયેલની ધર્મયાત્રાની ભૂમિકા સમજાવતાં કહ્યું હતું કે, દુનિયાના બે મહાન ધર્મો નજીક થાય તો વિશ્વ શાંતિની સ્થાપનામાં બહુ જ મોટો સહયોગ મળે.•••

વિદેશ યાત્રા – આફ્રિકા

પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સંતમંડળ સાથે તા. ૧૫ એપ્રિલના રોજ આફ્રિકાના સત્સંગ યાત્રા-પ્રવાસે પધાર્યા છે. લગભગ બે માસ ચાલનારી આ યાત્રામાં પૂ. સ્વામીજી દારેસલામ, અરુશા, મલિન્દિ, નાયરોબી, કિસુમુ, કમ્પાલા, સાઉથ આફ્રિકા, મોમ્બાસા જેવા વિવિધ દેશોમાં વિચરણ કરી સત્સંગ-કથાવાર્તાનો લાભ આપશે. પૂ. સ્વામી આફ્રિકા પધારતાં પ્રેમજીભાઈ વરસાણી, લાલજીભાઈ વરસાણી, રવજીભાઈ (મોશીવાળા) રામજીભાઈ (સુરજપુરવાળા) તથા હરિભક્તોએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. આ પ્રવાસ દરમિયાન ટાંઝાનિયાના અરુશા શહેર ખાતે પૂ.

શાસ્ત્રીજી મહારાજના જીવન અને કાર્યો વિષે તથા ગુરુકુલના ઇતિહાસ વિષે આલેખન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના જીવન અને કાર્યો વિષે તથા ગુરુકુલના ઇતિહાસ વિષે આલેખન થઇ રહ્યું છે. આ આલેખનને સમૃદ્ધ બનાવવા પૂ. ગુરુદેવ સાથેના આપના અનુભવો, ઉત્સવ સમૈયાના દિવ્ય પ્રસંગોનાં સંસ્મરણો તથા આપના પરિવાર સાથેના સંસ્મરણો લખીને મોકલાવી શકો છો. લેખ મોકલવાનું સરનામુંઃ- શાસ્ત્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP), SGVP સર્કલ, S.G. હાઇવે, છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧, ફોન-(૦૨૭૧૭) ૨૪૨૧૪૧/૨

"SANSKARDIP"
R.N.I. 15104/68 Permitted to post at Ahd. PSO on 9th of every month.
Registered under Postal Reg. No. GAMC-1729/2010-2012 valid up to 31-12-2012 issued by SSP
Ahmedabad-9, Licenced to post without Prepayments No. CPMG/GJ/85/10-12/valid upto 31-12-2012

શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાગટ્ય દિને રાજોપચાર પૂજન દર્શન

શ્રી રામચંદ્રજી પ્રાગટ્ય પ્રસંગે ફલકૂટોત્સવ આરતી દર્શન

પ.પ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી લિખિત
ઇઝરાયેલની ધર્મયાત્રા ગ્રંથનું વિમોચન કરતા ડૉ. ચંદ્રપ્રકાશ દ્વિવેદી, શ્રી સુરેશભાઈ દલાલ, શ્રી નવીનભાઈ દવે, શ્રી ગોપાલ દવે તથા શ્રી અંકિત ત્રિવેદી

ઇઝરાયેલ ધર્મયાત્રા - ગ્રંથને પ્રસાદીભૂત કરતા પૂ. જોગીસ્વામી

પૂ. સ્વામીજી આફ્રિકા પધારતાં સ્વાગત કરતા હરિભક્તો

To.

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052